## –:: આંક–૧ ની ચાર્જશીટ હેઠળ હુકમ ::–

---

(૧) હાલના કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદી પોલીસકર્મી દ્વારા ગુજરાત પ્રોહિબીશન એકટ કલમ–૬૫(એ)(એ) હેઠળના ભારતીય બનાવટના વિદેશી દારુ સાથે વેચાણ અર્થે પકડાયેલ હોવાના ગુના સબબ ફરીયાદ આપતાં સંબધિત પોલીસ સ્ટેશને ગુનો નોંધી સદર ગુનાના કામે તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર કેસ આજરોજ સ્પે. સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટ સમક્ષ રજુ થતાં ઉભયપક્ષની રજૂઆત સાંભળવામાં આવેલ.

(૨) આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થતાં અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો ક્બુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપી સામે તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આમ, આરોપીપક્ષે ગુનાની ક્બુલાત સ્વૈચ્છિક રીતે કોઈપણ પ્રકારના દબાણ વિના ગુનો કબુલ કરતા હોય જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીપક્ષે રજુઆત છે કે, આરોપી ગરીબ વર્ગના છે તેમજ તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શિરે હોવાની રજુઆત છે. ફરીયાદપક્ષે ચાર્જશીટ સાથે અગાઉના ગુનાની સાબિતીની હકિકતો રજુ કરેલ નથી.

(૪) આમ, કેસની હકીકત, આરોપીની આર્થિક પરિસ્થિતિ તથા સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લઈ તેમજ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા "સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર" ના ૨૦૦૫ ક્રિમીનલ લો

જનર્લ ૨૯૫૭ પર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવા ન્યાયોચિત જણાઈ આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) હાલના કામના આરોપી **વિવેકાનંદ મનીનંદર મોહન્તિ,** રહે. મકાન નં. ૬૧, સેફરોન સોસા. જોલવા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૧૦ (દસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે રજુ મુદ્ધામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્ધામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ : ૧૧ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** નાં રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વાગરા

(નરેન્દ્રકુમાર)
ન્યાયિક મેજિસ્ટ્રેટ,
પ્રથમ વર્ગ,વાગરા,
કોડ નં. જી જે. ૦૧૪૪૦